।। શ્રી અષ્ટાદશ અભિષેક વિધિ।।

(મિની અંજન શલાકા વિધાન)

(અઢાર અભિષેકની પૂર્વ તૈયારી)

–પરમાત્મા અને યક્ષ-યક્ષિણીને શ્રીફળ, સવારુપિયો અર્પણ માંગલિક રૂપે કરવો.

૧) ત્રિગડાની સામે મોટો પાટ રાખવો. તેની ઉપર લાલ કપડું પાથરવું. તેની ઉપર વ્યવસ્થિત રીતે ચોખાના ૧૮ સાથિયા કરવા. તેના ઉપર નાગરવેલના પાન રાખવા જેની દાંડી આપણી તરફ આવવી જોઈએ. તે પાન ઉપર તજ, લવિંગ, ઈલાયચી, સોપારી, બદામ, પતાસા અને ખડીસાકર મુકવી.

૨) પાટની બાજુમાં નાડાછડી બાંધેલા ૨૦ શ્રીફળ, એક થાળીમાં ૨૦ પેંડા તથા ૨૦ સવારુપિયા રાખવા.

૩) અલગ-અલગ થાળીમાં ચોખા, નૈવેદ્ય, ફળ, ફૂલ તૈયાર રાખવા તથા પાટ ઉપર ધૂપ અને દીપક અખંડ રીતે ચાલુ રાખવા. (ડાબી બાજુ ધૂપ, જમણી બાજૂ દીપક)

૪) એક થાળીમાં અષ્ટમંગલનો ઘડો લેવો તેમાં બહાર અને અંદર કેસરથી સાથિયો કરવો, ઘડામાં સોપોરી, બદામ, સવારુપિયો, પુષ્પ થોડા ચોખા અને હોય તો પંચરત્નની પોટલી રાખવી અને થાળીમાં નાગરવેલના પાંચ પાન, શ્રીફળ, લીલું કપડું, નાડાછડી, કેસરની વાટકી, ચાંદી અને સોનાનો વરખ, ફુલની માળા રાખવી.

૫) એક થાળીમાં આરતિ, મંગળદીવો, નાની વાટકીમાં કપૂર અને ધૂપ રાખવું તથા બીજી બે થાળીમાં ચંદ્ર અને સૂર્યના સ્વપ્ન વરખ લગાડીને રાખવા અને આ થાળીઓ પાટની ઉપર રાખવી. (સ્વપ્ન ન હોય તો દર્પણ તૈયાર રાખવું.)

૬) વિધિકારક જ્યાં બેસવાના હોય ત્યાંથી થોડે દૂર બે પીત્તળની પવાલીમાં ગળીને પાણી ભરાવવું. તેમાં સર્વૌષધિ, અત્તર અને ગુલાબજળ ગળીને નાખવું. બાજુમાં બે ખાલી ડોલ રાખવી.

૭) એક મોટી થાળીમાં અઢાર અભિષેકની ઔષધિઓ ક્રમસર ગોઠવવી.

૮) એક કુંડીમાં પંચામૃત તૈયાર કરવું. (દૂધ, દહીં, ઘી, સાકર, પાણી)

૯) જેટલા ભગવાન હોય તે પ્રમાણે થાળી તૈયાર કરવી. જેમાં કળશ, વાટકી ભરીને કેસર, પુષ્પ અથવા કુસુમાંજલિ અને અંગલૂંછણા રાખવા.

૧૦) એક બાજુ વધારાના પાંચ કળશો, કટોરી રાખવી અને થાળીમાં ભગવાન પ્રમાણે ત્રણ-ત્રણ અંગલૂંછણા અને પાટલૂંછણા તૈયાર રાખવા.

૧૧) પૂજારી પાસે બે વાટકા કેસર અને બે વાટકી ચંદન ઘસાવવું.

૧૨) વિધિકારકના સ્થાને એક થાળીમાં અત્તરની શીશી, કપૂર, વરખ, રક્ષાપોટલી, મીંઢણ-મરડાશીંગી લઈ વાસક્ષેપથી ગુરુ ભગવંત પાસે મંત્રિત કરાવવી, ગરુભગવંત ન હોય તો વિધિકારકે મંત્રિત કરવી.

સાવધાની :-

૧) અભિષેકનું પાણી પડતું હોય ત્યાં કુંડી રાખવી.

૨) ભગવાન પાછળ ચંદરવો હોય તો ઉંચો કરી લેવો, સ્ટીલની વસ્તુનો ઉપયોગ ન કરવો.

૩) પાંચમા, દશમા, પંદરમા અભિષેકે કેસર અને પુષ્પ મોકલાવવા તથા કુંડીઓ ખાલી કરાવી દેવી.

૪) અઢાર અભિષેક થયા બાદ શુદ્ધપાણી મોકલાવવું ત્યારબાદ અંગલૂંછણા, પાટલૂંછણા, કેસર, વરખ, સારા પુષ્પો મોકલાવવા.

૫) અઢારે અભિષેકનું પાણી મીક્ષકરી એકઠું કરાવવું.

૬) દરેક મંત્રોચ્ચાર પછી ૨૭ ડંકા વગાડવા.

।। પરમાત્માની નીચેની આશાતનાઓથી બચો ।।

(આશાતના જઘન્યથી ૧૦, મધ્યમથી ૪૨ અને ઉત્કૃષ્ટથી ૮૪ છે.)

૧) ભગવાન હાથમાંથી પડી જવાથી આશાતનાનો દોષ લાગે છે.

૨) નીચે પડેલ પુષ્પ ભગવાનને ચઢાવવાથી આશાતનાનો દોષ લાગે છે.

૩) ભગવાનનો અભિષેક કરતી વખતે કળશનો સ્પર્શ થવાથી આશાતનાનો દોષ લાગે છે.

૪) પૂજા કરતી વખતે આપણા નખનો સ્પર્શ ભગવાનને થવાથી આશાતનાનો દોષ લાગે છે.

૫) દેવ-દેવીની પૂજા કરેલ કેસરથી ભગવાનની પૂજા કરવાથી આશાતનાનો દોષ લાગે છે.
૬) અષ્ટપડ મુખકોશ બાંધ્યા વિના ભગવાનની પૂજા કરવાથી આશાતનાનો દોષ લાગે છે.
૭) અશુદ્ધ કપડા પહેરીને ભગવાનની પૂજા કરવાથી આશાતનાનો દોષ લાગે છે.
૮) ગળ્યા વગરના પાણીથી ભગવાનનો અભિષેક કરવાથી આશાતનાનો દોષ લાગે છે.
૯) પરમાત્માના આભૂષણ, મુગટ આદિ હાથમાંથી પડી જવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૦) સડેલા, ગળેલા, કરમાયેલા, સુગંધ વગરના પુષ્પ ભગવાનને ચઢાવવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૧) પરમાત્માના ચરણ સ્પર્શ કરતી વખતે વાળ અડી જવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૨) પરમાત્માની અવિનય પૂર્વક પૂજા કરવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૩) પરમાત્માને અંગલૂંછણા બરાબર ન થવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૪) વિધિપૂર્વક વાળાકુંચીનો ઉપયોગ ન કરવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૫) મૂળગભારાની અંદર છીંક, બગાસું આવવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૬) ઋતુધર્મ (એમ.સી.) વાળી સ્ત્રી ભગવાનની પૂજા કરે અથવા દેરાસરમાં આવે તો આશાતનાનો દોષ લાગે છે.
૧૭) ભગવાનને પૂંઠ પાડવાથી આશાતનાનો દોષ લાગે છે.
૧૮) દેરાસરમાં પાન, સોપારી, માવા, મસાલા ખાવાથી આશાતનાનો દોષ લાગે છે.

૧૮ અભિષેકમાં વપરાએલ ઔષધિઓની યાદી

૧) **કષાયચૂર્ણ :** (૧) પીંપર, (૨) પીપળી, (૩) શિરીષ, (૪) અંબર, (૫) વડ, (૬) ચંપક, (૭) અશોક, (૮) આમ્ર, (૯) જંબુ, (૧૦) બકુલ, (૧૧) અર્જુન, (૧૨) પાટલ, (૧૩) બીલી, (૧૪) દાડમ, (૧૫) કેસૂડાં, (૧૬) નારંગી.

૨) **મંગલમૃત્તિકા :** (૧) હાથીના દાંતની માટી, (૨) બળદના શીંગડાની માટી, (૩) પર્વતની માટી, (૪) નદીના કાંઠાની માટી, (૫) નદીઓની સંગમની માટી, (૬) સરોવરની માટી, (૭) તીર્થની માટી, (૮) ઉધઇની માટી.

૩) **સદૌષધિ :** (૧) સહદેવી, (૨) શતાવરી, (૩) કુંઆર, (૪) વાળો, (૫) મોટી નાની રીંગળી, (૬) મોરશિખા, (૭) અંકોલ, (૮) શંખાવલી, (૯) લક્ષ્મણા, (૧૦) આજોકાજો, (૧૧) થોર, (૧૨) તુલસી, (૧૩) મરવો, (૧૪) કુંભ, (૧૫) ગળી, (૧૬) સરપંખો, (૧૭) રાજહંસી, (૧૮) પીઠવણી, (૧૯) શાલવણી, (૨૦) ગંધનોલી, (૨૧) મહાનીલો.

૪) **અષ્ટકવર્ગ ૧ લો :** (૧) ઉપલોટ, (૨) વ્રજ, (૩) લોદ્ર, (૪) હીરવણીનાં મૂલ, (૫) દેવદાર, (૬) જેઠીમધ, (૭) દુર્વા, (૮) ઋદ્ધિ વૃદ્ધિ

૫) **અષ્ટકવર્ગ ૨ જો :** (૧) પંતજારી,, (૨) વિદારિકંદ, (૩) કચૂરો, (૪) કપૂરકાચલી, (૫) નખલા, (૬) કંકોડી, (૭) ખીરકંદ, (૮) મુસલી-કાળી (ધોળી)

૬) **સર્વૌષધિ** : (૧) પ્રિયંગુ, (૨) હળદર, (૩) વ્રજ, (૪) સૂચા, (૫) વાળો, (૬) મોથ, (૭) અતિકાલી, (૮) મુરમાંસી, (૯) જટામાંસી, (૧૦) ઉપલોટ, (૧૧) એલચી, (૧૨) લવિંગ, (૧૩) તમાલપત્ર, (૧૪) નાગકેસર, (૧૫) જાયફલક, (૧૬) જાવંત્રી, (૧૭) કંકોલ, (૧૮) સેલારસ, (૧૯) ચંદન, (૨૦) અગર, (૨૧) પત્રજ, (૨૨) વરધારો, (૨૩) વડીઔષધિ, (૨૪) સહસ્ત્રમૂલી.

૭) **સુગંધૌષધિ** : (૧) અંબર, (૨) વાલો, (૩) કુષ્ટ, (૪) દેવદારુ, (૫) મુરમાંસી, (૬) વાસ, (૭) ચંદન, (૮) અગર, (૯) કસ્તુરી, (૧૦) એલચી, (૧૧) કપૂર, (૧૨) લવિંગ, (૧૩) જાયફળ, (૧૪) જાવંત્રી, (૧૫) ગોરોચન, (૧૬) કેસર

(સૌ પ્રથમ પં. વીર વિજયજીકૃત સ્નાત્રપૂજા વિધિવત્ ભણાવવી.)

- ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ-દેવીને શ્રીફળ અર્પણ કરી મહાપૂજનની નિર્વિઘ્ન સમાપ્તિ માટે વિનંતી કરવી.
- નીચે લખેલા મંત્રો બોલી સર્વ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવો.

૧) પંચામૃત એવં પાણી ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર :-

ૐ આપોડપ્કાયા, એકેન્દ્રિયા-જીવા: નિર્વધાર્હત્ પૂજાયાં, નિર્વ્યથા: સન્તુ, નિષ્પાપા: સન્તુ, સદ્ગતય: સન્તુ, ન મે સંઘટ્ટન હિંસાડર્હદર્ચને સ્વાહા ।।

૨) ધૂપ તથા દીપક ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર :-

ૐ અગ્નયોડગ્નિકાયા, એકેન્દ્રિયા-જીવા: નિર્વધાર્હત્ પૂજાયાં, નિર્વ્યથા: સન્તુ, નિષ્પાપા: સન્તુ, સદ્ગતય: સન્તુ, ન મે સંઘટ્ટન હિંસાડર્હદર્ચને સ્વાહા ।।

૩) શેષ તમામ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર...

ૐ વનસ્પતયો, વનસ્પતિકાયા, એકેન્દ્રિયા-જીવા: નિર્વધાર્હત્ પૂજાયાં, નિર્વ્યથા: સન્તુ, નિષ્પાપા: સન્તુ, સદ્ગતય: સન્તુ, ન મે સંઘટ્ટન હિંસાડર્હદર્ચને સ્વાહા ।।

"ૐ ભૂર્ભુવ: સ્વધાય સ્વાહા" (આ મંત્ર સાત વાર બોલી વાસક્ષેપથી અભિમંત્રિત ચોખા, પૂજન ભૂમિ પર નાખી ભૂમિ શુદ્ધિ કરવી.)

।। અથ અષ્ટાદશ અભિષેક પૂર્વ વિધિ ।।

-: મંગલાચરણ :-

અર્હન્તો ભગવન્ત ઈન્દ્રમહિતા: સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા:,
આચાર્યા જિનશાસનોન્નતિકરા: પૂજ્યા ઉપાધ્યાયકા: ।
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકા:,
પઞ્ચૈતે પરમેષ્ઠિન: પ્રતિદિનં, કુર્વન્તુ વો મઙ્ગલમ્ ।। ૧ ।।

।। अथ भूमिशुद्धि विधानम् ।।

૧) જિનાલયની પવિત્ર ભૂમિની આસપાસનાં રહેલા વાયુમંડળને શુદ્ધ કરવા માટે દેવલોકમાંથી વાયુકુમાર દેવને નિમંત્રણ....

મંત્રઃ- ॐ ह्रीँ वातकुमाराय, विघ्नविनाशकाय, महीं पूतां कुरु कुरु स्वाहा ।।

(દર્ભના ઘાસથી અથવા ખેસથી પ્રમાર્જના કરતાં કરતાં એક પ્રદક્ષિણા આપવી.)

૨) ભૂમિ પર સુગંધિત સુવર્ણ જળની વૃષ્ટિ કરવા માટે દેવલોકમાંથી મેઘકુમાર દેવને નિમંત્રણ

મંત્રઃ- ॐ ह्रीँ मेघकुमाराय, धरां प्रक्षालय, प्रक्षालय द्रूँ द्रूँ फुट् स्वाहा ।।

(આ મંત્ર બોલી પુષ્પ અથવા દર્ભના ઘાસને પાણીમાં બોળી પાણી છાંટતા છાંટતા એક પ્રદક્ષિણા આપવી.)

૩) પૂજનભૂમિની વિશેષ શુદ્ધિ હેતુ ભૂતધાત્રી દેવીને નિમંત્રણ...

મંત્રઃ- ॐ भूरसि ! भूतधात्रि ! सर्वभूतहिते ! भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ।।

(આ મંત્ર બોલી ભૂમિ ઉપર ચંદનના છાંટણાં કરતાં કરતાં એક પ્રદક્ષિણા આપવી..)

ત્યારબાદ વજ્રપંજર સ્તોત્ર દ્વારા વિવિધ મુદ્રાઓ વડે આત્મરક્ષા કરવી.

।। श्री वज्रपञ्जरस्तोत्रम् ।।

(સાંસારિક વિપત્તિઓ દૂર કરી આધ્યાત્મિક સંપત્તિ પ્રદાન કરનારી, સાતભયોનું નિવારણ કરી અભય બનાવનારી, મહાન અનુષ્ઠાન સ્વરુપ આત્મરક્ષા વિવિધ મુદ્રાઓથી કરવા પૂર્વક આપણી ચારે બાજુ વજ્રમય કિલ્લો બની રહ્યો છે, એવી કલ્પના કરવી.)

।। श्री वज्रपंजर स्तोत्र विधान ।।

(રાગ : સાંઈ રામ સાંઈ શ્યામ...)

ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम् । आत्मरक्षाकरं वज्र-पञ्जराभं स्मराम्यहम् ।।१।।
ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम् । ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ।।२।।
ॐ नमो आयरियाणं, अङ्गरक्षाऽतिशायिनि । ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढम् ।।३।।
ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे । एसो पञ्चनमुक्कारो, शिला वज्रमयी तले ।।४।।
सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः । मंगलाणं च सव्वेसिं, खादिराङ्गारखातिका ।।५।।
स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवई मङ्गलं । वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ।।६।।
महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी । परमेष्ठिपदोद्भूता, कथिता पूर्वसूरिभिः ।।७।।
यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा । तस्य न स्याद् भयं व्याधि-राधिश्चापि कदाचन ।।८।।

(આત્મ રક્ષા કર્યા પછી દરેક ભાગ્યશાળીઓએ જે સ્થાને રહીને પોતે અભિષેક કરવાના હોય

તે સ્થાને અભિષેક માટે પહોંચી જવું. દરેકને તિલક કરાવી મુગટ-માળા ધારણ કરાવવા. પછી નિમ્નોક્ત મંત્રથી પરમાત્માના ચરણ કમળમાં પુષ્પાંજલિ અર્પણ કરવી.

નમોઽર્હત્ ... (રાગ : આર્યા છંદ)

નાના સુગંધિપુષ્પૌઘ, રંજિતા ચંચરિક કૃતનાદા ।
ધૂપામોદ વિમિશ્રા, પતતાત્ પુષ્પાંજલિ બિંબે ।।

મંત્ર : ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ પુષ્પાંજલિભિરર્ચયામિતિ સ્વાહા ।।

(કુસુમાંજલિ કર્યા પછી પ્રથમ અભિષેક પ્રારંભ કરવો દરેક અભિષેક વખતે પ્રથમ ભાવસંવેદના વ્યક્ત કરી શ્લોક બોલવો. પછી મંત્ર બોલી પરમાત્માનો શિખા ઉપરથી અભિષેક પ્રારંભ કરવો. પછી જમણા અંગુઠા પર અંગલૂંછણું કરી ચંદન તથા પુષ્પ પૂજા અથવા કુસુમાંજલિ કરવી. ગભારાની બહાર સિંહાસન પાસે ધૂપ-દીપક પૂજા કરવી તથા સ્વસ્તિક પર નૈવેદ્ય, શ્રીફળ તથા સવા રુ. અર્પણ કરવો...આ રીતે દરેક અભિષેકમાં વિધિ કરવી.)

પ્રથમ અભિષેક (હિરણ્યોદક)

(રાગ : આર્યા છંદ)

પવિત્રતીર્થનીરેણ, ગન્ધપુષ્પાદિસંયુતૈઃ । પતજ્જલં બિમ્બોપરિ, હિરણ્યં મન્ત્રપૂતનમ્ ।।૧ ।।
સુવર્ણદ્રવ્યસમ્પૂર્ણં, ચૂર્ણં કુર્યાત્સુનિર્મલમ્ । તતઃ પ્રક્ષાલનં ચાદ્ભિઃ, પુષ્પચન્દન સંયુતૈઃ ।।૨ ।।

ૐ હ્રાઁ હ્રીઁ પરમાર્હતે ગન્ધપુષ્પાક્ષત-ધૂપસમ્પૂર્ણૈઃ સ્વર્ણેન સ્નાપયામીતિ સ્વાહા

(પ્રથમ અભિષેક કરવો પછી આગળ દર્શાવેલ વિધિ અનુસાર સંપૂર્ણ વિધિ કરવી.)

દ્વિતીય અભિષેક (પંચરત્ન)

(મોતી, સોનું, રુપું, પ્રવાલ અને તાંબુ એ પંચરત્નોનું ચૂર્ણ કરી પાણીમાં નાખી કળશો ભરી **(નમોઽર્હત્.)** કહી નીચેના શ્લોકો અને મંત્ર બોલવો.)

(રાગ : સ્નાતસ્યા)

યન્નામસ્મરણાદપિ શ્રુતિવશાદપ્યક્ષરોચ્ચારતો,
યત્પૂર્ણં પ્રતિમા પ્રણામકરણાત્સંદર્શનાત્સ્પર્શનાત્ ।
ભવ્યાનાં ભવપઙ્કહાનિરસકૃત્ સ્યાત્તસ્ય કિંસત્પયઃ
સ્નાત્રેણાપિ તથા સ્વભક્તિવશતો રત્નોત્સવે તત્પુનઃ ।।૧।।
નાનારત્નૌઘયુતં, સુગન્ધપુષ્પાભિવાસિતં નીરમ્ ।
પતતાદ્વિચિત્ર વર્ણં, મન્ત્રાદ્યં સ્થાપના બિમ્બે ।।૨।।

ૐ હ્રાઁ હ્રીઁ પરમાર્હતે મુક્તા-સ્વર્ણ-રૌપ્યપ્રવાલત્ર્યમ્બકપઞ્ચરત્નૈઃ
સ્નાપયામીતિ સ્વાહા ।।

(ઉપર મુજબ અભિષેકની સંપૂર્ણ વિધિ કરવી.)

તૃતીય અભિષેક (કષાયચૂર્ણ)

(કષાયચૂર્ણયુક્ત પાણીના કળશો ભરી **નમોઽર્હત્.** કહી૦)

પ્લક્ષાશ્વત્થોદશોક-આમ્રછલ્યાદિકલ્કસંમિશ્રમ્ ।
બિમ્બે કષાયનીરં, પતતાદધિવાસિતં જૈને ।।૧।।
પિપ્પલી પિપ્પલશ્ચૈવ, શિરિષોમ્બરક: પુન: ।
વટાદિકં મહાછલ્લી, સ્નાપયામિ જિનેશ્વરમ્ ।।૨।।

ૐ હ્રાઁ હ્રીઁ પરમાર્હતે પિપ્પલ્યાદિમહાછલ્લૈ: સ્નાપયામીતિ સ્વાહા ।।

(ઉપર મુજબ અભિષેકની સંપૂર્ણ વિધિ કરવી.)

ચતુર્થ અભિષેક (મંગલમૃત્તિકા)

(આઠ જાતિની માટીને પાણીમાં મિશ્રિત કરી કળશો ભરી **નમોઽર્હત્** કહી નીચેના શ્લોકો અને મંત્ર બોલવો૦)

(રાગ : આર્યાછંદ)

પરોપકારકારી ચ, પ્રવર: પરમોજ્જ્વલ: ।
ભાવનાભવ્યસંયુક્તૈ-મૃચ્ચૂર્ણેન ચ સ્નાપયેત્ ।।૧।।

પર્વતસરોનદીસંગમાદિ-મૃદ્ભિશ્ચ મન્ત્રપૂતાભિ: ।
ઉદ્ધૃત્ય જૈનબિમ્બં, સ્નાપયામ્યધિવાસનાસમયે ।।૨।।

ૐ હ્રાઁ હ્રીઁ પરમાર્હતે નદીનગતીર્થાદિમૃચ્ચૂર્ણૈ: સ્નાપયામીતિ સ્વાહા ।।

પંચમ અભિષેક (સદૌષધિ)

(સદૌષધિ ઔષધિનું ચૂર્ણ કરી, જળમાં નાખવું. **નમોઽર્હત્.** કહી૦)

સહદેવી શતમૂલી, શતાવરી શંખપુષ્પિકા ।
કુમારી લક્ષ્મણા ચૈવ, સ્નાપયામિજિનેશ્વમ્ ।।૧।।
સહદેવ્યાદિસદૌષધિ-વર્ગેણોદ્ધર્તિતસ્ય બિમ્બસ્ય ।
ગન્ધતમ્મિશ્રં બિમ્બોપરિ તજ્જલં હરતુ દુરિતાનિ ।।૨।।

ૐ હ્રાઁ હ્રીઁ પરમાર્હતે સહદેવ્યાદિસદૌષધિના સહ સ્નાપયામીતિ સ્વાહા ।।

ષષ્ઠમ અભિષેક (પ્રથમાષ્ટક વર્ગ)

(ઉપલોટ, વિગેરે આઠ વસ્તુઓનું ચૂર્ણ જળમાં નાખવું. **નમોઽર્હત્.** કહી૦)

સુપવિત્રમૂલિકાવર્ગ-મર્દિતે તદુદકસ્ય શુભધારા ।
બિમ્બેઽધિવાસસમયે, યચ્છતુ સૌખ્યાનિ નિપતન્તી ।।૧।।

ઉપલોટવ્રયાલોદ્ર-હીરવણીદેવદારવ: ।
જ્યેષ્ટિમધુઋદ્ધિદૂર્વા, સ્નાપયામિ જિનેશ્વરમ્ ।।૨।।

ॐ ह्रां ह्रीं परमार्हते उपलोटाधष्टकवर्गेण स्नापयामीति स्वाहा ।।

સપ્તમ અભિષેક (દ્વિતીયાષ્ટક વર્ગ)

(પતંજરી વિગેરે આઠ વસ્તુઓનું ચૂર્ણ કરી પાણીમાં નાખવું. નમોઽર્હત્. કહી૦)

નાનાકુષ્ઠાદ્યૌષધિ-સન્મિશ્રે તધુતં પતન્નીરમ્ ।
બિમ્બે કૃતસન્મિશ્રં, કર્મૌઘં હન્તુ ભવ્યાનામ્ ।।૧।।

પતંજરી વિદારી ચ, કર્ચૂર: કચ્ચૂરી નખ:,
કક્કોડી ક્ષીરકન્દશ્ચ, મુસલૈ: સ્નાપયામ્યહમ્ ।।૨।।

ॐ ह्रां ह्रीं परमार्हते उपलोटाधकवर्गेण स्नापयामीति स्वाहा ।।

અષ્ટમ અભિષેક (સર્વૌષધિ)

(પ્રિયંગુ વિગેરે ૩૩ વસ્તુઓનું ચૂર્ણ કરી પાણીમાં નાખવું. નમોઽર્હત. કહી૦)

પ્રિયઙ્ગુવચ્છકંકેલી, રસાલાદિતરુદ્ભવૈ: ।
પલ્લવૈ :પત્રભલ્લાત, એલચીતજસત્ફલૈ: ।।૧।।

વિષ્ણુકાન્તા હિમવાલ-લવઙ્ગાદિભિરષ્ટભિ: ।
મૂલાષ્ટકૈસ્તથાદ્રવ્યૈ :, સદૌષધિવિમિશ્રિતૈ: ।।૨।।
સુગન્ધદ્રવ્યસન્દોહા, મોદમત્તાલિસંકુલૈ: ।
વિદધેઽર્હન્મહાસ્નાત્રં, શુભસન્તતિસૂચકમ્ ।।૩।।
મેદાદ્યૌષધિભદ્રોડપરાષ્ટવર્ગ સુમન્ત્રપરિપૂત:
નિપતદ્બિમ્બસ્યોપરિ, સિદ્ધિં વિદધાતુ ભવ્યજને ।।૪।।

ॐ ह्रां ह्रीं परमार्हते प्रियङ्ग्वादिभि: सर्वौषधै: स्नापयामीति स्वाहा ।।

મુદ્રાદર્શન-વિધાન

અહીં અઢાર અભિષેક પૈકી આઠ અભિષેક પૂરા થયા. આગળના અભિષેક કરવામાં આવે તે પૂર્વે એક અતિવિશિષ્ટ અને મહાપ્રભાવક વિધાન કરવાનું છે. તે મુદ્રાદર્શનનું વિધાન છે. આ એક અત્યંત રહસ્યમય વિધિ છે. જે ગુરુભગવંતે કરવાની હોય છે.

ગુરુભગવંતે પ્રભુ સન્મુખ ઉભા રહીને પંચ પરમેષ્ઠિમુદ્રા, ગરુડમુદ્રા અને મુક્તાશુક્તિ મુદ્રા દ્વારા જિનેશ્વર પ્રભુનું આહ્વાન કરવું. ગુરુભગવંત ન હોય તો વિધિકારકે આ વિધાન કરવું.

મુદ્રા વિધાનનું મહત્ત્વ

૧) **પંચપરમેષ્ઠિમુદ્રા** :- આ મુદ્રાને કરતી વખતે એવી ભાવના ભાવવાની કે હે પરમાત્મા ! તમે પંચપરમેષ્ઠિમંત્રમાં સર્વોચ્ચ સ્થાનને પામ્યા છો અને એ સ્થાન મને પણ ઈષ્ટ છે. આથી પંચપરમેષ્ઠિ મુદ્રા દર્શનના ફળ સ્વરૂપ મને મારા ઈષ્ટની પ્રાપ્તિ થાય એવી ભાવના સાથે પહેલી મુદ્રા પંચપરમેષ્ઠિ મુદ્રા....

૨) **ગરુડમુદ્રા** : આ મુદ્રાને કરતી વખતે એ ભાવના ભાવવાની કે હે પરમાત્મા ! જે પ્રકારે ગરુડ પક્ષીઓનો રાજા છે જ પ્રકારે તમે પણ ત્રણે લોકના રાજા છો, પૂજનીય છો અને એવી પૂજનીય અવસ્થાની હું પણ પ્રાપ્તિ કરું એવી ભાવના સાથે બીજી મુદ્રા ગરુડ મુદ્રા.

૩) **મુક્તાસૂક્તિમુદ્રા** : આ મુદ્રાને કરતી વખતે આ પ્રમાણે ભાવના ભાવવાની કે હે પરમાત્મા ! જે પ્રકારે મોતી છીપની અંદર રહે છે એ જ પ્રકારે અમારી અંદર પણ કેવળજ્ઞાન રુપી મોતી છે. આપે એ મોતીને મેળવી લીધો છે. અમે આજે પણ એ મોતીની શોધમાં ફરી રહ્યા છીએ. આ કેવળજ્ઞાનરૂપી મોતીની પ્રાપ્તિ અમને પણ થાય એવી ભાવના સાથે ત્રીજી મુદ્રા મુક્તાસૂક્તિ મુદ્રા.

(નીચેનો મંત્ર ત્રણવાર અલગઅલગ મુદ્રા સહિત બોલવો.)

ૐ નમોર્હત્પરમેશ્વરાય, ત્રૈલોક્યગતાય, અષ્ટદિક્કુમારી પરિપૂજિતાય, દેવેન્દ્રમહિતાય, દિવ્યશરીરાય, ત્રૈલોક્ય પરિપૂજિતાય, આગચ્છ આગચ્છ સ્વાહા ।

(૨૭ ડંકા વગાડવા) (હવે બધાને અભિષેક કરવાના સ્થાને મોકલવા.)

નવમ અભિષેક (પંચામૃત)

(પંચામૃતથી કળશ ભરી, **નમોઽર્હત્.** કહી૦)

જિનબિમ્બોપરિ નિપતત્ ઘૃતદધિદુગ્ધાદિદ્રવ્યપરિપૂતમ્ ।
દિર્ભોદકસન્મિશ્રં, પંચગવ્યં હરતુ દુરિતાનિ ।।૧।।
વરપુષ્પચન્દનૈશ્ચ મધુરૈ : કૃતનિ:સ્વનૈ : ।
દધિદુગ્ધઘૃતમિશ્રૈ : સ્નાપયામિ જિનેશ્વરમ્ ।।૨।।

ૐ હ્રાઁ હ્રીઁ પરમાર્હતે પઞ્ચામૃતેન સ્નાપયામીતિ સ્વાહા ।।

દશમ અભિષેક (સુગંધૌષધિ)

(અંબર વિ..., સુગંધી વસ્તુઓનું ચૂર્ણ જળમાં નાખવું, **નમોઽર્હત્** કહી૦)

સર્વવિઘ્નપ્રશમનં, જિનસ્નાત્રસમુદ્ભવમ્ ।
વન્દે સમ્પૂર્ણપુણ્યાનાં, સુગન્ધૈ : સ્નાપયેજ્જિનમ્ ।।૧।।
સંકલૌષધિસંયુક્ત્યા, સુગન્ધ્યા ઘર્ષિતં સુગતિહેતો : ।
સ્નાપયામિ જૈન બિમ્બં, મન્ત્રિતતન્નીર નિવહેન ।।૨।।

ॐ ह्रां ह्रीं परमार्हते अम्बरउशीरादिसुगन्धद्रव्यैः स्नापयामीति स्वाहा ।।

એકાદશ અભિષેક (પુષ્પસ્નાત્ર)

(અલગ-અલગ જાતના પુષ્પોની પાંખડીઓ પાણીમાં નાંખવી
નમોઽર્હત્. કહી૦) (રાગઃ આર્યા છંદ)

અધિવાસિતં સુમન્ત્રૈઃ, સુમનઃ કિઞ્જલ્કરાજિતં તોયમ્,
તીર્થજલાદિસુપૂક્તં, કલશાન્મુક્તં પતતુ બિમ્બે ।।૧।।
સુગન્ધપરિપુષ્પૌઘૈ-સ્તીર્થોદકેન સંયુતૈઃ ।
ભાવનાભવ્યસન્દોહૈઃ, સ્નાપયામિ જિનેશ્વરમ્ ।।૨।।

ॐ ह्रां ह्रीं परमार्हते पुष्पौघैः स्नापयामीति स्वाहा ।।

દ્વાદશ અભિષેક (ગંધ સ્નાત્ર)

(ગંધ ચૂર્ણને જળમાં નાખી, નમોઽર્હત્ કહી૦)

ગન્ધાઙ્ગ સ્નાનિકયા, સમ્મૃષ્ટં તદુદકસ્ય ધારાભિઃ ।
સ્નપયામિ જૈનબિમ્બં, કર્મૌઘચ્છિત્તયે શિવદમ્ ।।૧।।

કંકુમાદિકર્પૂરશ્ચ, મૃગમદેન સંયુતૈઃ ।
અગરશ્ચન્દનમિશ્રૈઃ, સ્નાપયામિ જિનેશ્વરમ્ ।।૨।।

ॐ ह्रां ह्रीं परमार्हते गन्धेन स्नापयामीति स्वाहा ।।

ત્રયોદશ અભિષેક (વાસ સ્નાત્ર)

((૧) ચંદન, (૨) કેસર અને (૩) કપૂરનું ચૂર્ણ અથવા વાસક્ષેપ જળમાં નાખવો.
નમોઽર્હત્ કહી૦)

હૃદ્યૈરાહ્લાદકરૈઃ, સ્પૃહણીયૈર્મન્ત્રસંસ્કૃતૈર્જૈનમ્ ।
સ્નપયામિ સુગતિહેતોર્વાસૈરધિવાસિતં બિમ્બમ્ ।।૧।।

(રાગઃ આદિ જિનવરરાયા)

શિશિરકરકરાભૈશ્ચન્દનૈશ્ચન્દ્રમિશ્રૈ-ર્બહુલપરિમલૌઘૈઃ પ્રીણિતં પ્રાણગન્ધૈઃ ।।
વિનમદમરમૌલિ પ્રોત્થરત્નાંશુજાલૈ, ર્જિનપતિવરશૃઙ્ગેસ્નાપયેદ્ભાવભક્ત્યા ।।૨।।

ॐ ह्रां ह्रीं परमार्हते सुगन्धवासचूर्णैः स्नापयामीति स्वाहा ।।

ચતુર્દશ અભિષેક ચંદન દુગ્ધ સ્નાત્ર

(ચંદનને દૂધના કળશમાં નાખી નમોઽર્હત્. કહી૦) (રાગ : આર્યા છંદ)

शीतलसरससुगन्धि-र्मनोमतश्चन्दनद्रुमसमुत्थः ।
चन्दनकल्कः सजलो, मन्त्रयुतः पततु जिनबिम्बे ।।१।।

(રાગઃ સ્નાતસ્યા)

क्षिरेणाक्षतमन्मथस्य च महत् श्रीसिद्धिकान्तापतेः,
सर्वज्ञस्य शरच्छशाङ्कविशदज्योत्स्नारसस्पर्द्धिना ।
कुर्मः सर्वसमृद्धयेत्रिजगदा, नन्दप्रदं भूयसा,
स्नानं सद्विकसत्कुशेशयपदन्यासस्यशस्याकृतेः ।।२।।

ॐ ह्राँ ह्रीँ परमार्हते क्षीरचन्दनाभ्यां स्नापयामीति स्वाहा ।।

પંચદશ અભિષેક (કેસર શર્કરા સ્નાત્ર)

(કેસર અને સાકરને પાણીમાં મીક્ષ કરી કળશ ભરી નમોઽર્હત્ કહી૦) (રાગ : આર્યા છંદ)

काश्मीरजसुविलिप्तं, बिम्बम् तच्छिरसि धारयाभिनवम् ।
सन्मन्त्रयुक्तयाशुचि-बिम्बम् स्नपयामि सिद्ध्यर्थम् ।।१।।

(રાગઃ સ્નાતસ્યા)

वाचः स्फारविचारसारमपरैः स्याद्वादशुद्धामृत-
स्यन्दिन्याः परमार्हतः कथमपि प्राप्यं न सिद्धात्मनः ।
मुक्तिश्रीरसिकस्य यस्य सुरसस्नात्रेण किं तस्य च,
श्रीपादद्वयभक्तिभावितधिया कुर्मः प्रभोस्तत्पुनः ।।२।।

ॐ ह्राँ ह्रीँ परमार्हते काश्मीरजशर्कराभ्यां स्नापयामीति स्वाहा ।।

સૂર્ય-ચંદ્ર દર્શન વિધાનનું મહત્ત્વ

જ્યારે પરમાત્માની અંજનશલાકા પ્રતિષ્ઠા થાય છે ત્યારે ભિન્ન ભિન્ન મુદ્રાઓ દ્વારા અલગ-અલગ મંત્રોચ્ચારો દ્વારા પરમાત્માની પ્રતિમામાં ઓજસ્વિતા, તેજસ્વિતા, પ્રભાવિકતા, શીતળતા વગેરે અનેક ગુણો પરમાત્માના બિંબમાં આરોપણ કરવામાં કરવામાં આવે છે. પરમાત્મતત્વ આરોપણથી તે બિંબ પત્થરમાંથી પરમાત્માનું રુપ ગ્રહણ કરે છે. જ્યારે પરમાત્માનો જન્મ માતાની કુક્ષિથી થાય ત્યારે પહેલાના જમાનામાં આ વિધાન કરવામાં આવતું હતું કે જન્મના ૩જા કે ૭મા દિવસે પુત્રને ચંદ્ર અને સૂર્યના દર્શન કરાવવામાં આવતા હતાં તેની પ્રતિકૃતિ સ્વરૂપે આજે આ ચંદ્ર-સૂર્ય દર્શનનું વિધાન શાસ્ત્રકાર ભગવંતોએ આ મહામંગલકારી ૧૮ અભિષેકના વિધાનમાં મુક્યું છે....તે આપણે સૌ સાથે મળીને કરીશું...

(૧ સજોડા દ્વારા અથવા સ્ત્રી દ્વારા)

(ચંદ્રદર્શન વિધાન :- પરમાત્માને ચંદ્રદર્શન કરાવતા કરાવતા આ ભાવના રાખવાની છે કે હે પરમ શીતલતાના સ્વામી ! મારામાં પણ તમારા જેવી પરમ શીતળતાનો સંચાર થાય અને અમે પણ તમારા જેવા બનીએ... બસ આવી ભાવનાની સાથે ચંદ્રદર્શન કરાવવું.)

ચન્દ્રદર્શન મંત્ર

ૐ અર્હં ચન્દ્રોડસિ, નિશાકરોડસિ, સુધાકરોડસિ, ચન્દ્રમા અસિ, ગ્રહપતિરસિ, નક્ષત્રપતિરસિ, કૌમુદીપતિરસિ, મદનમિત્રમસિ, જગજ્જીવનમસિ, જૈવાતૃકોડસિ, ક્ષીરસાગરોદ્ભવોડસિ, શ્વેતાવાહનોડસિ, રાજાડસિ, રાજરાજાડસિ । ઔષધિગર્ભોડસિ, વન્ધોડસિ, પૂજ્યોસિ નમસ્તે ભગવન્ । અસ્ય કુલસ્ય ઋદ્ધિં કુરુ કુરુ, વૃદ્ધિં કુરુ કુરુ, તુષ્ટિં કુરુ કુરુ, પુષ્ટિં કુરુ કુરુ, જયં કુરુ કુરુ, વિજયં કુરુ કુરુ, ભદ્રં કુરુ કુરુ, પ્રમોદં કુરુ કુરુ, શ્રીશશાઙ્કાય નમઃ ।। (૧ ડંકો વગાડવો.)

।। પ્રાર્થના ।।

(રાગ : કલ્લાણ કંદ)

સર્વૌષધિમિશ્રમરીચિજાલ : સર્વાપદાં સંહરણપ્રવીણા : ।
કરોતુ વૃદ્ધિં સકલેડપિ વંશે, યુષ્માકમિન્દુ : સતતં પ્રસન્ન : ।।૧।।

(૨૭ ડંકા વગાડવા.)

(૧ સજોડા દ્વારા અથવા પુરુષ દ્વારા)

(સૂર્યદર્શન વિધાન :- પરમાત્માને સૂર્યદર્શન કરાવતા કરાવતા આ ભાવના રાખવાની છે કે હે પરમ તેજસ્વિતાના સ્વામી ! મારામાં પણ તમારા જેવી પરમ તેજસ્વિતાના ગુણની પ્રાપ્તિ થાય અને હું પણ તમારા જેવો બનું..... બસ આવી ભાવનાની સાથે સૂર્યદર્શન કરાવવું...)

સૂર્યદર્શન મંત્ર

ૐ અર્હં સૂર્યોડસિ, દિનકરોડસિ, સહસ્રકિરણોડસિ, વિભાવસુરસિ, તમોડપહોડસિ, પ્રિયઙ્કરોડસિ શિવઙ્કરોસિ, જગચ્ચક્ષુરસિ, સુરવેષ્ટિતોડસિ, વિતતવિમાનોડસિ, તેજોમયોડસિ, અરુણસારથિરસિ, માર્તણ્ડોડસિ, દ્વાદશાત્માડસિ, ચક્રબાન્ધવોડસિ, નમસ્તે ભગવન્ । પ્રસીદાસ્ય

કુલસ્ય તુષ્ટિં પુષ્ટિં પ્રમોદં કુરુ કુરુ, સન્નિહિતો ભવ ભવ, શ્રીસૂર્યાય નમઃ ।।

(૧ ડંકો વગાડવો.)

।। પ્રાર્થના ।।

સર્વસુરાસુરવન્દ્યઃ, કારયિતા સર્વધર્મકાર્યાણામ્ ।
ભૂયાત્ ત્રિજગચ્ચક્ષુ-ર્મઙ્ગલદસ્તે સપુત્રાયાઃ ।।૧।।

(૨૭ ડંકા વગાડવા.)

ષોડશ અભિષેક (તીર્થોદક સ્નાત્ર)

(પાલિતાણા શંખેશ્વર આદિ એકસોને આઠ તીર્થોનાં પાણી અભિષેકના પાણીમાં મિક્ષ કરી નમોઽર્હત્ કહી...૦)

(રાગ : આર્યાછંદ)

જલધિનદીદ્રહકુણ્ડેષુ, યાનિ તીર્થોદકાનિ શુદ્ધાનિ ।
તૈર્મન્ત્રસંસ્કૃતૈરિહ, બિમ્બં સ્નપયામિ શુદ્ધ્યર્થમ્ ।।૨।।
નાકનદીનદવિહિતૈઃ, પયોભિરમ્ભોજરેણુભિઃ સુભગૈઃ ।
શ્રી મજ્જિનેન્દ્રપાદૌ, સમર્ચયેત્સર્વશાન્ત્યર્થમ્ ।।૨।।

ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈં હ્રૌં હ્રઃ પરમાર્હતે તીર્થોદકેન સ્નાપયામીતિ સ્વાહા ।।

સપ્તદશ અભિષેક (કર્પુર સ્નાત્ર)

(કપૂરનું ચૂર્ણ કળશમાં નાંખી નમોઽર્હત્ કહી૦...) (રાગ : આર્યાછંદ)

શશિકરતુષારધવલા, ઉજ્જ્વલગન્ધા સુતીર્થજલમિશ્રા ।
કર્પૂરોદકધારા, સુમન્ત્રપૂતા પતતુ જિનબિમ્બે ।।૧।।

(રાગ : આદિ જિનવર રાયા)

કનકકરકનાલીમુક્તધારાભિરદ્ભિઃ મિલિતનિખિલગન્ધૈઃ કેલિકર્પૂરભાભિઃ ।
અખિલભૂવનશાન્તિં શાન્તિધારાં જિનેન્દ્ર-ક્રમસરસિજપીઠે સ્નાપયેદ્વિતરાગાન્ ।।૨।।

ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈં હ્રૌં હ્રઃ પરમાર્હતે કર્પૂરેણ સ્નાપયામીતિ સ્વાહા ।।

અષ્ટાદશ અભિષેક (કેશર ચંદન પુષ્પ સ્નાત્ર)

(કેસર, ચંદન અને ફુલ કળશમાં નાખી નમોઽર્હત કહી૦) (રાગ : સ્નાતસ્યા)

સૌરભ્યં ઘનસારપઙ્કજરજોનિઃપ્રીણિતૈઃ પુષ્કરૈઃ
શીતૈઃ શીતકરાવદાતરુચિભિઃ, કાશ્મીરસમ્મિશ્રિતૈઃ ।।૨।।
શ્રીખણ્ડપ્રસવાચલૈશ્ચ મધુરૈઃ, નિત્યં લભેષ્ટૈ વરૈઃ,
સૌરભ્યોદક સંખ્ય સાર્વચરણ દ્વન્દ્વંયજે ભાવતઃ ।

ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈં હ્રૌં હ્રઃ પરમાર્હતે કેસર ચંદનાભ્યાં સ્નાપયામીતિ સ્વાહા ।।

(ઉપરોક્ત મંત્ર બોલી સ્નાત્ર કરી, કેસર નમોઽર્હત આદિથી પૂજન કરી પુષ્પાંજલિ લઈ નીચેનો શ્લોક બોલવો.)

કુસુમાંજલિ અર્પણ

નાના-સુગન્ધિ-પુષ્પૌઘ-રઞ્જિતા-ચઞ્ચરીક-કૃતનાદા ।
ધૂપામોદ-વિમિશ્રા, પતતાત્ પુષ્પાઞ્જલિર્બિમ્બે ।।૧।।

મંત્ર : ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈં હ્રૌં હ્રઃ પુષ્પાઞ્જલિભિરર્ચયામીતિ સ્વાહા ।।

(એ મંત્ર બોલી પુષ્પાંજલિથી પૂજન કરવું.)

અથ શુદ્ધજલ સ્નાત્ર

(અઢાર અભિષેક પૂર્ણ થયા પછી કુસુમાંજલિ કરી નિમ્નોક્ત મંત્ર પાંચ વાર બોલી શુદ્ધજલથી પાંચ અભિષેક કરવા.)

નમોઽર્હત્ (રાગ : અર્હદ્ભક્ત્ર)

મંત્ર :- યક્ષે દેવેન્દ્ર રાજૈ: સુરગિરિશિખરે યોઽભિષેક: પયોભિર્,
નૃત્યન્તીભિ: સૂરિભિર્લલિતપદગમં તુર્ય નાદૈ: સુદીપ્તૈ: ।
કર્તું તસ્યાનુકારં શિવસુખજનકં મન્ત્રપૂતૈ: સુકુમ્ભૈર્,
બિમ્બં જૈનં પ્રતિષ્ઠા વિધિવચન પર: સ્નાપયામ્યત્ર કાલે ।।
ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરુષાય પરમેશ્વરાય અનંતાનંત જ્ઞાન શક્તયે જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે.....જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા ।।

(આ રીતે પાંચ અભિષેક પૂર્ણ થયા પછી દુહાબોલી અનુક્રમે અષ્ટપ્રકારી પૂજા કરવી.)

અથ અષ્ટપ્રકારિ પૂજા વિધાનમ્

૧. જળ પૂજા : (હાથમાં જળનો કળશ ધારણ કરવો.)

(નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય:)

જળપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ, જળપૂજા ફળ મુજ હજો, માંગો એમ પ્રભુપાસ।।

મંત્ર :- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ..... જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા ।

(કેસર, તથા ઔષધિ રહી ન જાય તે રીતે અભિષેક કરવો,
પછી પાણીનું એક પણ બિન્દુ ન રહે તેવી રીતે ત્રણ અંગલૂંછણા કરવા.)

૨. ચંદન પૂજા : (હાથમાં કેસરની વાટકી લેવી.)

(નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય:)

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખરંગ, આત્મ-શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ ।

મંત્ર :- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ..... જિનેન્દ્રાય ચંદનં યજામહે સ્વાહા ।

(નીચે લખેલા નવાંગી પૂજાના દુહા બોલી નવ અંગે પૂજા કરવી.)

।। નવ અંગ પૂજાના દુહા ।।

જલભરી સંપૂટ પત્રમાં, યુગલિક નર પૂજંત,
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત ।।૧।।
જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ
ખડા-ખડા કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ ।।૨।।
લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન,
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવી બહુમાન ।।૩।।
માન ગયું હોય અંશથી, દેખી વીર્ય અનંત,
ભૂજા બળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત ।।૪।।
સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત,
વસિયા તેણે કારણ ભવી, શિર શિખા પૂજંત ।।૫।।
તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત,
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત ।।૬।।
સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુળ,
મધુર ધ્વનિ સુરનર સુણે, તેણે ગળે તિલક અમૂલ ।।૭।।

હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગને રોષ
હિમદહે વનખંડને, હૃદય તિલક સંતોષ ।।૮।।
રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ,
નાભિ કમળની પૂજના, કરતાં અવિચલ ધામ ।।૯।।
ઉપદેશક નવ તત્વના, તેણે નવ અંગ જિણંદ,
પૂજો બહુવિધ રાગથી, કહે શુભવીર મુણીંદ ।।

૩. પુષ્પ પૂજા : (હાથમાં સુંદર અને સુગંધિત પુષ્પની થાળી ધારણ કરવી.)

(નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ)

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ, સુમજંતુ ભવ્યજ પરે, કરીયે સમકિત છાપ।।

મંત્ર :- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ..... જિનેન્દ્રાય પુષ્પં યજામહે સ્વાહા ।

(પુષ્પો ચઢાવવા.)

૪. ધૂપ પૂજા : (હાથમાં ધૂપ લઈ ઉભા રહેવું.)

(નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ)

ધ્યાનઘટા પ્રગટાવીયે, વામ નયન જિન ધૂપ, મિચ્છત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મસ્વરુપ।।

મંત્ર :- ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે..... જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા ।

૫. દીપક પૂજા : (હાથમાં દીપક લઈને ઉભા રહેવું.)

દ્રવ્યદીપક સુવિવેકથી, કરતા દુઃખ હોય ફોક, ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક ।

મંત્ર :- ઉઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ..... જિનેન્દ્રાય દીપકં યજામહે સ્વાહા ।

૬. અક્ષત પૂજા : (હાથમાં અક્ષતની થાળી લઈને ઉભા રહેવું.)

(નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ)

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્તવિશાલ, પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાળ ।।

મંત્ર :- ઉઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ..... જિનેન્દ્રાય અક્ષતં યજામહે સ્વાહા ।

(સાથીયો અને સિદ્ધશિલા બનાવતા બોલવાના દુહા...)

ચિહુંગતિ ભ્રમણ સંસારમાં, જન્મ-મરણ જંજાળ,
પંચમગતિ વિણ જીવને, સુખ નહીં ત્રિહું કાળ ।।
સાંસારિક ફળ માંગીને, રઝડ્યો બહુ સંસાર,
અષ્ટ કરમ નિવારવા, માંગુ મોક્ષ ફળ સાર ।।
અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરું અવતાર,

ફળ માંગુ પ્રભુ આગળે, તાર-તાર મુજ તાર ।।
દર્શન-જ્ઞાન-ચરિત્રનાં, આરાધનથી સાર,
સિદ્ધશીલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર ।।

૭. નૈવેદ્ય પૂજા : (થાળીમાં સાકર, પતાસા, સાટા, ઘેબર, પેંડા, બરફી, મૈસુર વગેરે અલગ-અલગ મીઠાઈ લઈ નૈવેદ્ય પૂજા સાથિયા ઉપર કરવી.)

(નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ)

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈય અનંત, દૂર કરી તે દીજીયે, અણાહારી શિવ સંત।।

મંત્ર :- ઉઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંતજ્ઞાનશક્તયે જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ..... જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા ।

૮. ફળ પૂજા : (બદામ, સોપારી, શ્રીફળ, સફરજન, દાડમ,ચીકુ, દ્રાક્ષ, મોસંબી, અનાનસ, આદિ ફળોથી સિદ્ધશિલા ઉપર ફળ પૂજા કરવી.)

(નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ)

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ, પુરુષોત્તમ પૂજી કરી, માંગે શિવ ફ

મંત્ર :- ઉઁ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય અનંતાનંત

જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે ..... જિનેન્દ્રાય ફલં યજામહે

(ત્યાર બાદ આરતિ-મંગળ દીવો-શાંતિ કળશ આદિનું વિધાન કરવું.)

।। આરતિ ।। (નમોઽર્હત્...)

જય જય આરતિ આદિ જિણંદા, નાભિરાયા મરુદેવી કો નંદા ... જય જય ... ૧
પહેલી આરતિ પૂજા કીજે, નરભવ પામીને લાહો લીજે ... જય જય ...૨
દુસરી આરતિ દીન દયાલા, ધુળેવા નગરમાં જગ અજવાળા ... જય જય ... ૩
તીસરી આરતિ ત્રિભુવન દેવા, સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા ... જય જય ... ૪
ચોથી આરતિ ચઉગતિ ચૂરે, મનવાંછિત ફળ શિવસુખ પૂરે ... જય જય ... ૫
પંચમી આરતિ પુણ્ય ઉપાયા, મૂળચંદે ઋષભ ગુણ ગાયા ... જય જય ... ૬

।। મંગલ દીપક ।। (નમોઽર્હત્...)

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતિ ઉતારણ બહુ ચિરંજીવો... દીવો ...૧
સોહમને ઘેર પર્વ દીવાળી, અંબર ખેલે અમરા બાળી ... દીવો ... ૨
દીપાળ ભણે એણે કુળ અજુવાળી, ભાવે ભગતે વિઘન નિવારી ... દીવો ... ૩
દીપાળ ભણે એણે એ કાલિકાળે, આરતિ ઉતારી રાજા કુમારપાળે ... દીવો ...૪
અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક, મંગલિક ચતુર્વિધ સંઘને હોજો... દીવો ...૫
દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતિ ઉતારણ બહુ ચિરંજીવો...

।। અથ શાન્તિ કળશ વિધાનમ્ ।।

(નવકાર, ઉવસગ્ગરહં સ્તોત્ર તથા મોટી શાન્તિ બોલવાપૂર્વક અખંડ જલધારાએ ઘડો ભરવો.)

।। શ્રી નમસ્કાર મહામંત્ર ।।

નમો અરિહંતાણ ।।૧।। નમો સિદ્ધાણં ।।૨।। નમો આયરિયાણં ।।૩।।
નમો ઉવજ્ઝાયાણં ।।૪।। નમો લોએ સવ્વસાહૂણં ।।૫।। એસો પંચ-નમુક્કારો ।।૬।।
સવ્વ-પાવપ્પણાસણો ।।૭।। મંગલાણં ચ સવ્વેસિં ।।૮।। પઢમં હવઈ મંગલં ।।૯।।

।। શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમ્ ।।

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણ મુક્કં । વિરહસ વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં ।।૧।।
વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ । તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરા જંતિ ઉવસામં ।।૨।।
ચિટ્ઠઉ દુરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુ ફલો હોઈ । નરતિરિએ સુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ।।૩।।
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણી કપ્પપાય વબ્ભહિએ । પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ।।૪।।
ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ । તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ ।।૫।।

।। શ્રી બૃહચ્છાંતિ સ્તોત્રમ્ ।।

ભો ભો ભવ્યાઃ ! શ્રુણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્, યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ભક્તિભાજઃ । તેષાં શાન્તિર્ભવતુ ભવતામર્હદાદિપ્રભાવા દારોગ્યશ્રીધૃતિમતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ ।।૧।। ભો ભો ભવ્યલોકાઃ ! ઈહ હિ ભરતૈરાવત-વિદેહસમ્ભવાનાં સમસ્ત-તીર્થકૃતાં જન્મન્યાસન-પ્રકમ્પાનન્તરમવધિનાવિજ્ઞાય, સૌધર્માધિપતિઃ, સુઘોષા-ઘણ્ટા ચાલનાનન્તરં સકલસુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્-ભટ્ટારકં ગૃહીત્વા, ગત્વા કનકાદ્રિશૃઙ્ગે, વિહિત-જન્માભિષેકઃ શાન્તિમુદ્ઘોષયતિ યથા, તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ઈતિ ભવ્યજનૈઃ સહસમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાન્તિમુદ્ઘોષયામિ, તત્પૂજા-યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવાનન્તર-મિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા ।।૨।। ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તામ્ પ્રીયન્તામ્, ભગવન્તોઽર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિનસ્ત્રિલોકનાથા સ્ત્રિલોકમહિતા-સ્ત્રિલોકપૂજ્યા સ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ ।।૩।। ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનન્દન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચંદ્રપ્રભ-સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનન્ત-ધર્મ-શાન્તિ-કુન્થુ-અર-મલ્લિ-મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ-વર્ધમાનાન્તા જિનાઃશાન્તાઃ શાન્તિકરા ભવન્તુ સ્વાહા ।।૪।। ૐ મુનયો મુનિપ્રવરા રિપુ-વિજય-દુર્ભિક્ષ-કાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ।।૫।। ૐ હ્રીં શ્રી ધૃતિ-મતિ-કીર્તિ-કાન્તિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા-વિદ્યાસાધન-પ્રવેશ-નિવેશનેષુ

સુગૃહીતનામાનો જયન્તુ તે જિનેન્દ્રાઃ ।।૬।। ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃઙ્ખલા-વજ્રાઙ્કુશી-અપ્રતિચક્રા-પુરુષદત્તા-કાલી-મહાકાલી-ગૌરી ગાન્ધારી-સર્વાસ્ત્રામહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા-માનસી-મહામાનસી ષોડશવિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ।।૭।। ૐ આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણસ્ય શ્રી શ્રમણ-સઙ્ઘસ્ય શાન્તિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ ।।૮।। ૐ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાઙ્ગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ કુબેર-વાસવાદિત્ય-સ્કન્દ વિનાયકોપેતા યે ચાન્યેઽપિ ગ્રામ-નગર-ક્ષેત્ર-દેવતાઽઽદયસ્તે સર્વે પ્રીયન્તામ્ પ્રીયન્તામ્, અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવન્તુ સ્વાહા ।।૯।। ૐ પુત્ર-મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજનસમ્બન્ધિ-બન્ધુવર્ગ-સહિતા નિત્યં ચામોદ-પ્રમોદ-કારિણઃ અસ્મિંશ્ચ ભૂમણ્ડલ આયતન-નિવાસિ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં-રોગોપસર્ગ-વ્યાધિ-દુઃખ-દુર્ભિક્ષ-દૌર્મનસ્યોપશમનાય શાન્તિર્ભવતુ ।।૧૧।। ૐ તુષ્ટિ-પુષ્ટિ ઋદ્ધિ વૃદ્ધિ માઙ્ગલ્યોત્સવાઃ સદા પ્રાદુર્ભુતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવન્તુ સ્વાહા ।।૧૨।। શ્રીમતે શાન્તિનાથાય નમઃ શાન્તિવિધાયિને । ત્રલોક્યસ્યામરાધીશ મુકુટાભ્યર્ચિતાઙ્ઘ્રયે ।।૧।। શાન્તિઃ શાન્તિકરઃ શ્રીમાન્, શાન્તિં દિશતુ મે ગુરુઃ । શાન્તિરેવ સદા તેષાં, યેષાં શાન્તિર્ગૃહે ગૃહે ।।૨।। ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ-ગ્રહગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ । સમ્પાદિત હિત-સમ્પન્નામ-ગ્રહણં જયતિ શાન્તેઃ ।।૩।। શ્રી સંઘ-જગજ્જનપદ રાજાધિપ-રાજસન્નિવેશાનાં । ગોષ્ઠિકપુરમુખ્યાણાં,

વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ ।।૪।। શ્રી શ્રમણસઙ્ઘસ્ય શાન્તિર્ભવતુ, જનપદાનાં શાન્તિર્ભવતુ, શ્રી રાજાધિપાનાં શાન્તિર્ભવતુ, શ્રી રાજસન્નિવેશાનાં, શાન્તિર્ભવતુ, શ્રી ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ, શ્રી પૌરમુખ્યાણાં શાન્તિર્ભવતુ, શ્રી પૌરજનસ્ય શાન્તિર્ભવતુ, શ્રી બ્રહ્મલોકસ્ય શાન્તિર્ભવતુ ।।૧૭।। ઉઁ સ્વાહા ઉઁ સ્વાહા ઉઁ શ્રી પાર્શ્વનાથા સ્વાહા ।।૧૮।। એષાં શાન્તિઃ પ્રતિષ્ઠા-યાત્રા-સ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વાં કુઙ્કુમ ચંદન-કર્પુરાગરુ-ધૂપ-વાસ કુસુમાઞ્જલિ-સમેતઃ સ્નાત્ર-ચતુષ્કિકાયાં શ્રીસઙ્ઘસમેતઃ શુચિ-શુચિ-વપુઃ પુષ્પ-વસ્ત્ર-ચન્દનાભરણા-લઙ્કૃતઃ પુષ્પ-માલાં કણ્ઠે કૃત્વા શાન્તિમુદ્ઘોષયિત્વા, શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ ।।૧૯।। નૃત્યન્તિ નૃત્યં મણિ-પુષ્પ-વર્ષં, સૃજન્તિ ગાયન્તિ ચ મઙ્ગલાનિ । સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે ।।૨૦।। શિવમસ્તુ સર્વ જગતઃ પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ । દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખીભવતુ લોકઃ ।।૨૧।। અહં તિત્થયરમાયા, સિવાદેવી તુમ્હ-નયર-નિવાસિની । અમ્હ સિવં તુમ્હં સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા ।।૨૨।। ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્ન-વલ્લયઃ । મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ।।૨૩।। સર્વ મંગલ માંગલ્યં, સર્વકલ્યાણ કારણમ્ । પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ।।

(પછી નવકાર બોલવો. પછી પાંચ નાગરવેલના પાન મૂકી ઘડામાં શ્રીફળ પધરાવી લીલા કપડાથી ઘડાને બાંધવો, ત્યારબાદ કેસરથી વિલેપન કરી, વરખ લગાવી, પુષ્પમાળા પહેરાવવી,

સજોડાએ ઘડો ભરીને પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપતા, ધવલ મંગલ ગીતો ગાવા અને ઘડાને ચોખાથી વધાવવો. પછી પ્રભુજીની જમણી બાજુ ચોખાના સ્વસ્તિક ઉપર ત્રણ નવકાર ગણવા પૂર્વક શ્વાસ સ્થિર કરી ઘડો પધરાવવો. ત્યારબાદ ચૈત્યવંદન કરવું. પછી ચોખા (અક્ષત) દ્વારા ત્રણ ખમાસમણપૂર્વક ક્ષમાપના કરવી અને વાસક્ષેપ દ્વારા વિસર્જન વિધિ કરવી.)

।। ક્ષમાપના મંત્ર ।।

ઉઁ આજ્ઞાહીનં ક્રિયાહીનં, મંત્રહીનં ચ યત્કૃતમ્,
તત્ સર્વં કૃપયા દેવા ! ક્ષમન્તુ પરમેશ્વરાઃ ! ।।૧।।
આહ્વાનં નૈવ જાનામિ, ન જાનામિ વિસર્જનમ્,
પૂજાવિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વર ! ।।૨।। (ચોખાથી વધાવવા.)

ત્યારબાદ વિસર્જન મુદ્રા કરી વાસક્ષેપ દ્વારા નિમ્નોક્ત મંત્ર ત્રણવાર બોલવા પૂર્વક વિસર્જન કરવું.

મંત્ર : ઉઁ વિસર વિસર સ્વસ્થાનં ગચ્છ ગચ્છ પુનરાગમનાય પ્રસીદ પ્રસીદ સ્વાહા ।

।। ઈતિ શ્રી અષ્ટાદશ અભિષેક વિધિઃ સમાપ્તઃ ।।

શ્રી અષ્ટાદશ અભિષેક સામગ્રી લિસ્ટ

કેસર-૨ ગ્રામ
બાદલો-૨ ગ્રામ
રૂનીપુણી-૧ નંગ
ગાયનું દૂધ-૧ લીટર
નાગરવેલના પાન-૩૦ નંગ
ગુલાબના ફુલ-૧૦૦ નંગ
ડમરો-૧ કિ.ગ્રા.
સફેદ ઝીણાં ફુલ-૧ કિ.ગ્રા.
બરાસ-૨૫ ગ્રામ
ચાંદીનો વરખ-૩ થોકડી
સોનાનો વરખ-૧ થોકડી
ઘી-૨૫૦ ગ્રામ (ગાયનું)
સવા રૂપિયા-૫૦ નંગ
મિક્ષ મિઠાઇ-૨ કિ.ગ્રા.
પેંડા-૧ કિ.ગ્રા.
મિક્ષફળ-૩ કિ.ગ્રા.
શ્રીફળ-૨૩ નંગ
લીલુ નાળિયેર-૧ નંગ
વાસક્ષેપ-૨૦૦ ગ્રામ
ધૂપપુડો-૧ નંગ
ચોખા-૩ કિ.ગ્રા.
તજ-લવીંગ-ઇલાયચી
મિક્ષ-૧૦૦ ગ્રામ
નાડાછડી-૨ ગટ્ટા
નેપકીન-૩ નંગ
અંગલૂંછણા-
ભગવાન પ્રમાણે-૩-૩ નંગ
અઢાર અભિષેક પુડો-૧ નંગ
દહીં-૨૫ ગ્રામ
સાકર-૫૦ ગ્રામ
મીંઠણ-રક્ષાપોટલી-
પૂજનાર્થી પ્રમાણે
ફુલહાર-૧૦ નંગ
લીલુ કપડું-૧ નંગ
ગુલાબજળ-૨ નંગ
તીર્થજળ-૨ નંગ
અત્તરશીશી-૩ નંગ
ઢેરાસરનો સામાન
ત્રિગડું-૧
શાંતિનાથ ભગવાન-૧
સિદ્ધચક્રજીનો ગટ્ટો-૧
નાળચાવાળી થાળી-૧
નાળચાવાળો પરાત-૧
૧૦૮ દીવાની આરતિ-૧
મંગળદીવો-૧
મોટો બાજોઠ-૧
મોટીપાટ-૨ નંગ
ધૂપ ઘાણા-૨
ફાનસ દીપક-૨
મોટીથાળી-૨૦ નંગ
નાની (મીડીયમ)
થાળી-૩૦ નંગ
કળશ-૩૦ નંગ
પૂજાની વાટકી-૩૦ નંગ
પિત્તળની ડોલો-૩ નંગ
કુંડી-ભગવાન પ્રમાણે
મુગટમાળા-પૂજનાર્થી
પ્રમાણે
ચામર-૧ જોડી
દર્પણ પંખો-૧ નંગ
અષ્ટમંગળ ઘડો-૧ નંગ
કેસર વાટકો-૧ નંગ
ઋષભકળશ-૧ નંગ
થાડી ડંકો-૧
કટાસણા-૩ નંગ
લાલ કપડું-૫ મીટર
કપુર ગોટી-૧ નંગ
દીવેટના બોયા-૧૦ નંગ

શ્રી પ્રેમરત્ન પૂજન સંપુટ (૫૪ પૂજન પ્રતોનો સેટ)

સંપાદક : પંડિત વર્ય આશિષભાઇ કે. શાહ (નાકોડાવાળા) મો. ૦૯૬૨૪૩૪૦૦૪૭

૧. શ્રી સિદ્ધચક્ર મહાપૂજન
૨. શ્રી લઘુ-બૃહદ્ શાન્તિ સ્નાત્ર મહાપૂજન
૩. શ્રી ત્રિદીવસીય અર્હદ્ મહાપૂજન
૪. શ્રી બૃહન્નન્દ્યાવર્ત મહાપૂજન
૫. શ્રી વિંશતિ સ્થાનક મહાપૂજન
૬. શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ મહાપૂજન
૭. શ્રી ઋષિમંડલ મહાપૂજન
૮. શ્રી ૬૮ તીર્થયુક્ત નમસ્કારમંત્ર મહાપૂજન
૯. શ્રી ૯૬ જિન મહાપૂજન
૧૦. શ્રી ૨૪ તીર્થંકર ૧૨૦ કલ્યાણક મહાપૂજન
૧૧. શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન
૧૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહાપૂજન
૧૩. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મહાપૂજન
૧૪. શ્રી જીરાવલા પાર્શ્વનાથ મહાપૂજન
૧૫. શ્રી મહાવીર સ્વામિ સમેત વિવિધ તીર્થંકર મહાપૂજન
૧૬. શ્રી વીશ વિહરમાન જિન મહાપૂજન
૧૭. શ્રી સિમંધર સ્વામિ ૧૦૮ ગુણયુક્ત મહાપૂજન
૧૮. શ્રી પ્રાચીન અર્હદ્ અભિષેક અનુષ્ઠાન
૧૯. શ્રી અર્વાચીન પાર્શ્વ શાન્તિ અખંડ અભિષેક અનુષ્ઠાન
૨૦. શ્રી અઢાર અભિષેક વિધિ
૨૧. શ્રી શત્રુંજય તીર્થ મહાપૂજન
૨૨. શ્રી પ્રકીર્ણક વિધિ સંગ્રહ
૨૩. શ્રી પંચયશસ્વિ જિન મહાપૂજન
૨૪. શ્રી શ્રીયંત્ર (જૈન વિધિ અનુસાર) મહાપૂજન
૨૫. શ્રી નેમિનાથ અંબિકાદેવિ મહાપૂજન એવં હવન વિધિ

૨૬. શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ મહાપૂજન
૨૭. શ્રી સંતિકરં મહાપૂજન
૨૮. શ્રી સર્વતોભદ્ર (તિજયપહુત્ત) ૧૭૦ જિન મહાપૂજન
૨૯. શ્રી નમિઊણ પાર્શ્વનાથ મહાપૂજન
૩૦. શ્રી ભક્તામર મહાપૂજન
૩૧. શ્રી કલ્યાણ મંદિર મહાપૂજન
૩૨. શ્રી ૧૪૫૨ ગણધર પાદુકા મહાપૂજન
૩૩. શ્રી ગૌતમસ્વામિ મહાપૂજન
૩૪. શ્રી પંચજ્ઞાન-૪૫ આગમ મહાપૂજન
૩૫. શ્રી નવગ્રહ મહાપૂજન વિધિ
૩૬. શ્રી ભક્તિસૂરિ ગુરૂપૂજન વિધિ
૩૭. શ્રી માણિભદ્રવીર મહાપૂજન એવં હવન વિધિ
૩૮. શ્રી નાકોડા ભૈરવ દેવ મહાપૂજન એવં હવન વિધિ
૩૯. શ્રી ઘંટાકર્ણવીર મહાપૂજન એવં હવન વિધિ
૪૦. શ્રી ભોમિયાજી દેવ મહાપૂજન એવં હવન વિધિ
૪૧. શ્રી ક્ષેત્રપાલ દેવ મહાપૂજન એવં હવન વિધિ
૪૨. શ્રી મુનિસુવ્રત સ્વામિ શનિદેવ મહાપૂજન, એવં હવન વિધિ
૪૩. શ્રી પાર્શ્વ-પદ્માવતી મહાપૂજન એવં હવન વિધિ
૪૪. શ્રી આદિનાથ ચક્રેશ્વરી દેવી મહાપૂજન એવં હવન વિધિ
૪૫. શ્રી કાલભૈરવ દેવ મહાપૂજન એવં હવન વિધિ
૪૬. શ્રી સરસ્વતી દેવી મહાપૂજન એવં હવન વિધિ
૪૭. શ્રી જૈનશારદા (દિવાળી પૂજન) પૂજન વિધિ
૪૮. શ્રી અષ્ટલક્ષ્મી દેવી મહાપૂજન એવં હવન વિધિ
૪૯. શ્રી મહાલક્ષ્મી દેવી મહાપૂજન એવં હવન વિધિ
૫૦. શ્રી જ્વાલામાલિની દેવી પૂજન એવં હવન વિધિ
૫૧. શ્રી ઓસિયાજી માતા પૂજન એવં હવન વિધિ
૫૨. શ્રી દક્ષિણાવર્ત શંખ પૂજન વિધિ અનુષ્ઠાન
૫૩. શ્રી કાલસર્પદોષ-પિતૃદોષ આદિ દોષ નિવારણ વિધિ
૫૪. શ્રી વાસ્તુ અનુષ્ઠાન વિધિ
૫૫. શ્રી પ્રેમરત્ન માંડલા સંગ્રહ